# ‘માં’સે ‘સિનેમા’તક!

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ

હમણાં જ મધર્સ -ડે’ ગયો. આપણી ભારતીય પરંપરા હોય કે પાશ્ચાત્ય સંસ્કૃતિ બધે જ મધર, માતા, મા, મમ્મીનું મહત્ત્વ અને સન્માન હંમેશા રહ્યું છે ને રહેશે. આમ તો ‘સિનેમા’ શબ્દમાં જ ‘મા’ શબ્દ સમાયેલો છે! વળી ‘ડ્રામા’ શબ્દમાં પણ ‘મા’ સમાયેલ છે! ને એમાંયે આપણાં હિન્દી સિનેમામાં માનો જેટલો અગત્યનો રોલ હોય છે એટલો ભાગ્યે જ વિશ્વ સિનેમામાં ક્યાંયે હશે, માટે જ મા-કસમ, મા-સિનેમાના કિસ્સાઓની મજા જ અલગ છે.

હિન્દી ફિલ્મોની માતાઓએ હીરો લોકો માટે જેટલા ટન ગાજરના હલવા બનાવ્યા છે એટલી તો આખા જગતમાં ગાજરની પેદાશ પણ નહીં હોય! એક જમાનામાં હીરો લોકો વર્લ્ડ કપ જીતી આવ્યા હોય એમ હરખાઈને માતાના પગે પડીને કહેતા, “મા, મા, મૈં બી.એ. પાસ હો ગયા!” ને પછી વિધવા માતા તરત જ સજળ નેત્રે મૃત પતિની તસ્વીર સામે લવારા કરવા માંડતી. હિન્દી ફિલ્મોમાં પ્રેમાળ માતાઓ ઘણી આવી પણ વિધવા અને ગરીબ માતાની



**2000ની સાલ બાદ સાસ-બહુની સિરીયલોમાં જુવાન માતાઓ આવવા માંડી ત્યારે તો સાવ 23-24 વરસની અભિનેત્રીઓ એમની જ ઉંમરના હીરો સામે કાળાવાળમાં ગજરા લટકાવીને માતા બનવા માંડી, પછી તો કોણ હિરોઇન છે ને કોણ મા?**

વાત જ કૈંક ઓર છે. આઝાદી બાદ 80ના દાયકા સુધી દુર્ગા ખોટે, અચલા સચદેવ, દુલારી કે નિરૂપમા રૉય જેવી માતાઓએ વિધવા માતા તરીકે રાજ કરેલું. એમાંયે મનમોહન દેસાઈ જેવા ફિલ્મમેકરની ‘અમર અકબર એંથની’ કે ‘પરવરિશ’ જેવી મિલના-બિછડના ઉર્ફ ‘લૉસ્ટ એંડ ફાઉંડ’ની ફોર્મ્યુલાવાળી ફિલ્મોમાં નિરૂપમા રોય તો દરેક ફિલ્મોમાં છોકરાંવને મેળામાં કે ટ્રેનમાં ખોવાડી નાખતી! કદાચ વિશ્વની સૌથી બેદરકાર માતાનો એવોર્ડ આપવાનો હોય તો એ નિરૂપા રોયને આપી શકાય! નિરૂપાજી હંમેશા અમિતાભની માતા બનતા ને ફિલ્મો ચાલી જતી માટે એમને લકી માતા પણ ગણવામાં આવતી! એ સમયે જીતેંદ્ર, ધર્મેંદ્ર કે રાજેશ ખન્ના સૌની એક એક ફેવરિટ માતાઓ હતી. પછી સલમાન અને શાહરૂખ ખાનની માતા તરીકે સ્વ. રીમા લાગુ, રાખી અને ફરીદા જલાલે રાજ કર્યું. જો કે હિન્દી સિનેમામાં ઘણીવાર તો એક જ સમયે એક ફિલ્મમાં જે અભિનેત્રી કોઈ એક હીરોની માતા બની હોય તે વળી બીજી ફિલ્મામાં એમની હીરોઈનનો રોલ કરતી હોય એવુંયે બનતું! જેમ કે, વહિદા રહેમાનજી ‘ત્રિશૂલ’ ફિલ્મમાં અમિતાભની માતાની ભૂમિકામાં હતા અને ‘અદાલત’માં હીરોઈન! એ જ રીતે રાખી ‘કભી કભી’ અને ‘બેમિસાલ’માં પ્રેમિકા કે પત્ની હતા પણ ‘શક્તિ’માં માતા!

માતા અંગે ધર્મેંદ્રનો એક કિસ્સો મજાનો છે. મદ્રાસમાં એક સાંજે ધર્મેંદ્રની જૂની હિરોઇન એમને હોટેલમાં મળી. બેઉએ જૂની યાદોમાં સરી જઈને સાથે સાંજ ગાળી. બીજે દિવસે સેટ પર એ જ અભિનેત્રી ધર્મેંદ્રની માતાના રોલમાં વાળ ધોળા કરીને હાજર! ધર્મેંદ્રે તરત જ કહ્યું, આની સાથે દીકરાની ભૂમિકા કેવી રીતે ભજવું? હજી કાલે તો આની સાથે મેં રોમાન્સ કર્યો છે! પછી તરત જ મુંબઈથી નવી માતાને હાજર કરવી પડેલી.

છેલ્લા અનેક દાયકાઓથી મુંબઈની ઈપ્ટા નામની નાટ્યસંસ્થા દ્વારા હિન્દી એકાંકી નાટકોની આંતરકૉલેજ હરિફાઈ યોજાય છે. જેમાંથી ભાગ લઈને અમજદ ખાન, રાજેશ ખન્નાથી લઈને પરેશ રાવલ, શાહીદ કપૂર, વિવેક ઓબેરોય કે આમિર ખાન જેવા અનેક કલાકારો ફિલ્મોમાં આગળ આવ્યા છે. એ હરીફાઈમાં ૧૯૭૦ના દાયકામાં હંમેશા ગરીબ વિધવા માતા અને બેરોજગાર દીકરાના સંઘર્ષની દુઃખી વાર્તાવાળા નાટકો ઈનામ જીતતાં. એવા નાટકોમાં ગરીબ વિધવા મા ચૂલો ફૂંકતી હોય, બેકાર દીકરો ઘરે આવીને માટલામાંથી પાણી પીને ખાટલા પર હતાશ થઈને બેસી પડે આવો સીન હોય જ હોય! આવા નાટકોની ફોર્મ્યુલાનું લોકોએ નામ પાડેલું: ‘મા, માટલા ને ખાટલા’. ફિલ્મોમાં પણ ત્યારે શહેર આવેલો ગામડાનો હીરો હંમેશા કહેતો, “ક્યા કરું? ગાંવ મેં માં કા ઈલાજ કરવાના હૈ ઔર બહન કી શાદી!” એકવાર રાજેંદ્ર કુમારે એક શૂટિંગમાં ભૂલથી એમ કહી દીધેલું કે “માં કી શાદી કરવાની હૈ ઔર બહન કા ઈલાજ!” ત્યાર પછી એમના પર ઘણાં બધા જૉક બનેલા!

70-80ના દાયકામાં, હીરો લોકો મા સામે અચાનક હીરોઈનને લાવીને બહુ સહેલાઈથી કહી નાખતા કે- “મા, મા, દેખ મૈં તેરે લિયે ઘર કી બહુ લાયા હું!”- જાણે નવું ટી.વી. કે ફ્રિજ ના લાવ્યો હોય! પાછી માતા પણ નામ-ઠામ, ઘર, પરિવાર કે અભ્યાસ વગેરે કશુંયે પૂછ્યા વિના ઈન્સ્ટટલી તરત જ હીરોઈનને માથે હાથ ફેરવીને આશીર્વાદ આપવા માંડે ને કટ ટુ-ગાજરનો હલવો બનાવવા ફૌરન રસોડા તરફ હાલતી પકડે! આવા દ્રશ્યો ‘માં કા ઈમોશન’ કે ‘મધર ઈંડિયા ઈફરક્ટ’તરીકે ફિલ્મલાઈનમાં પંકાતાપણ હદ તો ત્યારે થઈ કે 1989ની ફિલ્મમાં હિરો ગોવિંદા સફેદ સૂટ, બૂટ અને હાથમાં ગન સાથે ઘરમાં પ્રવેશીને, માતાના ચરણ સ્પર્શ કરીને કહે છે: “મા, મા, મૈં ડૉન બન ગયા અબ સારા શહેર મુઝ સે ડરેગા!”ને પાછી પેલી માતા એને આશીર્વાદ પણ આપે છે, બોલો? કેટલી ભોળી અને ભાવુક મા હશે જે દિકરાને ખૂંખાર ડૉન બનતો જોઈને પણ હરખાઈ શકે!

જો કે પછીથી આવી રડમસ ભોળી અબૂધ માતાઓ ફિલ્મોમાં આવવાની સાવ બંધ થઈ ગઈ અને હિન્દી ફિલ્મમોનો ડ્રામા જાણે સાવ અનાથ થઈ ગયો. પછી તો 90ના દાયકામાં ગ્લોબલાઈઝેશનના જમાનામાં ખુશ ખુશ શાણાગારેલી માતાઓ આવવા માંડી જે હિરો અને હિરોઈનો સાથે લગ્નના ગીતોમાં નાચવા પણ માંડી અને હિન્દી ફિલ્મોની પેલી પ્રેમાળ માતૃત્વસભર માતાનું સાવ મોત જ થઈ ગયું. વળી જ્યારથી 2000ની સાલ બાદ સાસ-બહુની સિરીયલોમાં જુવાન માતાઓ આવવા માંડી ત્યારે તો સાવ 23-24 વરસની અભિનેત્રીઓ એમની જ ઉંમરના હીરો સામે કાળાવાળમાં ગજરા લટકાવીને માતા બનવા માંડી, પછી તો કોણ હિરોઈન છે ને કોણ મા? એ નરી આંખે આપણને સમજાય જ નહીં એવા હાલ થયા..

પણ મા કસમ, ક્યારેક થાય છે કે પહેલાની ફિલ્મો જેવી ઈમોશનલ, ઈનોસંટ, ક્યૂટ માતાઓ ફરી ક્યારે જોવા મળશે?



# લોકશાહીના નવા રખેવાળ Gen-Z માત્ર મતદાન કરીને અટકશે નહીં, હિસાબ પણ માગશે

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

ભારતીય લોકશાહી તેના ઈતિહાસના એક એવા વળાંક પર ઊભી છે. જ્યાં પરંપરાગત રાજનીતિ અને આધુનિક આકાંક્ષાઓ વચ્ચે ટક્કર થઈ રહી છે. તાજેતરના ચૂંટણી ડેટા મુજબ, આ વખતે ‘જનરેશન ઝી’ અથવા પ્રથમવાર મતદાન કરનારા યુવા મતદારોએ અભૂતપૂર્વ, ઉત્સાહ અને સજાગતા બતાવી છે. આ પેઢી માત્ર મતાધિકારનો ઉપયોગ નથી કરી રહી, પરંતુ તે સત્તાના કેન્દ્રો પાસે નવા સવાલો અને નવી અપેક્ષાઓ પણ રાખી રહી છે.

ચૂંટણી પરિણામો અને મતદાનની ટકાવારી પર નજર નાખીએ તો સ્પષ્ટ થાય છે કે પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોનો ટર્નઆઉટ અપેક્ષા કરતા વધુ રહ્યો છે. અગાઉની ચૂંટણીઓમાં યુવાનોમાં જોવા મળતી ઉદાસીનતા આ વખતે ગાયબ હતી. ઊંચુ મતદાન એ વાતનું પ્રતીક છે કે યુવા પેઢી હવે સ્થાપિત રાજકીય માળખામાં પોતાની જગ્યા ઈચ્છે છે.

આજની યુવા પેઢી તેમના પૂર્વજો કરતા વધુ ‘રેસ્ટલેસ’ (બેચેન) અને ‘રેસ્ટિવ’ (અશાંત) જણાય છે. આ બેચેની નકારાત્મક નથી, પરંતુ તે ‘વધુ મેળવવાની’ આકાંક્ષામાંથી જન્મે છે. સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટને કારણે આ પેઢી પાસે દુનિયાભરની માહિતી છે. તેઓ હવે માત્ર લોકપ્રિય નારાઓથી સંતુષ્ટ નથી. તેઓ જાતિ, ધર્મ કે ભાવનાત્મક મુદ્દાઓ કરતા તાર્કિક પરિણામો પર વધુ ધ્યાન આપી રહ્યા છે.

યુવા મતદારોની બેચેની પાછળનું મુખ્ય કારણ રોજગારની અનિશ્ચિતતા છે. સ્નાતક થયા પછી પણ યોગ્ય નોકરી ન મળવી એ યુવાનોમાં ભ ા રે અસંતોષ પેદા કરી રહ્યું છે. વધતી જતી મોંઘવારી અને મર્યાદિત આર્થિક તકોને કારણે Gen-Z મતદારો સરકાર પાસે નક્કર આર્થિક નીતિઓની માંગ કરી રહ્યા છે.

રાજકીય પક્ષોએ આ વખતે યુવાનોને આકર્ષવા માટે પરંપરાગત રેલીઓ કરતા ડિજિટલ પ્લેટફોર્મનો વધુ ઉપયોગ કર્યો છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યુબ અને એક્સ દ્વારા યુવાનોના મન સુધી પહોંચવાનો પ્રયાસ થયો હતો. જોકે, યુવા મતદારો આ પ્રચારને ફિલ્ટર કરવાની અને સત્ય-અસત્ય વચ્ચેનો તફાવત પારખવાની ક્ષમતા પણ ધરાવે છે.

પરંપરાગત રાજકારણીઓ માટે કદાચ આ મુદ્દાઓ ગૌણ હોઈ શકે, પરંતુ Gen-Z માટે તે પ્રાથમિકતા છે. આ પેઢી ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણના રક્ષણ માટે અત્યંત ચિંતિત છે. લિંગ સમાનતા (Gender Equality) અને અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર યુવાનો ખૂબ જ આગ્રહી છે. યુવાનોનો આ ભારે મતદાન દર કોઈ એક પક્ષના સમર્થનમાં છે તેમ માનવું ભૂલભરેલું હશે. તે ખરેખર તો પ્રસ્થાપિત પક્ષો માટે એક ચેતવણી છે.જો પ્રવર્તમાન પક્ષો તેમની આકાંક્ષાઓ પૂરી નહીં કરે, તો યુવાનો નવા અને બિન-પરંપરાગત વિકલ્પો તરફ વળતા જરાય અચકાશે નહીં. યુવાનો હવે માત્ર મતદાન કરીને અટકતા નથી, તેઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે કામનો હિસાબ પણ માગે છે. યુવા મતદારોમાં જોવા મળેલી બેચેની માત્ર રાજકીય વિરોધ નથી, પરંતુ તે જીવનના દરેક ક્ષેત્રમાં ઉચ્ચ માપદંડો સ્થાપિત કરવાની ઈચ્છા છે. આ પેઢી માત્ર ડિગ્રી મેળવીને સંતુષ્ટ નથી, તેઓ વૈશ્વિક સ્તરનું કૌશલ્ય અને એવી શિક્ષણ વ્યવસ્થા ઈચ્છે છે જે તેમને આધુનિક અર્થતંત્ર માટે તૈયાર કરે. સોશિયલ મીડિયા પર ઉછરેલી આ પેઢી સરકાર પાસે દરેક સ્તરે પારદર્શિતા અને જવાબદેહીની અપેક્ષા રાખે છે. તેઓ બંધ બારણે લેવાતા નિર્ણયોને બદલે ખુલ્લી ચર્ચામાં માને છે.

પરંપરાગત મીડિયા કરતા સોશિયલ મીડિયાએ યુવાનોને રાજકીય રીતે વધુ જાગૃત બનાવ્યા છે. નેતાઓ જ્યારે ભાષણ આપતા હોય, ત્યારે આ પેઢી ગૂગલ અને એક્સ પર તાત્કાલિક હકીકતો તપાસવાની ક્ષમતા ધરાવે છે. આનાથી નેતાઓ માટે ખોટા વાયદા કરવા મુશ્કેલ બન્યા છે. જોકે અલ્ગોરિધમ્સ તેમને મર્યાદિત માહિતી બતાવે છે, છતાં વિવિધ મંતવ્યો વાંચવા અને વિરોધાભાસી વિચારોને સમજવા માટે વધુ ઉત્સુક જણાય છે.

ભારત દુનિયાનો સૌથી યુવાન દેશ છે, પરંતુ તેની સંસદ અને વિધાનસભાઓમાં યુવાનોનું પ્રતિનિધિત્વ હજુ પણ ઓછું છે. Gen-Z મતદારો એવા નેતાઓને શોધી રહ્યા છે જે તેમની ભાષામાં વાત કરી શકે અને તેમની ટેકનોલોજી આધારિત દુનિયાને સમજી શકે. શિક્ષણ વ્યવસ્થામાં સુધારા અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન મળે તેવી નીતિઓની આ પેઢીને અપેક્ષા છે. ધર્મ અને જાતિથી ઉપર

એક મહત્ત્વનો ટ્રેન્ડ એ જોવા મળ્યો છે કે પ્રથમવારના મતદારો ભાવનાત્મક મુદ્દાઓ કરતા ભૌતિક અને નૈતિક મુદ્દાઓને વધુ મહત્ત્વઆપે છે.

આ પેઢી માટે માનસિક સ્વાસ્થ્ય એ ક રાજકીય મુદ્દો છે. તેઓ એવી નીતિઓ ઈચ્છે છે જે જીવનની ગુણવત્તા સુધારે અને કામના તણાવને ઘટાડે. જાતિ કે જ્ઞાતિ આધારિત રાજકારણ કરતા ‘મેરિટ’ (લાયકાત) અને સમાન તકોના આધારે દેશ આગળ વધે તેવું આ પેઢી ઈચ્છે છે.

Gen-Z માત્ર વોટ આપીને ઘરે બેસી રહેનારી પેઢી નથી. તેઓ સક્રિયપણે પ્રચારમાં અને વિરોધ પ્રદર્શનોમાં પણ જોડાય છે. મીમ્સ, કલા અને સંગીત દ્વારા તેઓ પોતાની રાજકીય અસંમતિ વ્યક્ત કરે છે, જે સામાન્ય જનતા સુધી ઝડપથી પહોંચે છે. યુવાનો હવે પક્ષો માટે સ્વૈચ્છિક રીતે ડિજિટલ પ્રચાર સંભાળી રહ્યા છે, જે ચૂંટણી લડવાની રીતને બદલી રહ્યો છે.

ભવિષ્યની રણનીતિ શું હોય શકે? પક્ષોએ શું કરવું પડશેઃ જો રાજકીય પક્ષો આ ૨૦% થી ૨૫% યુવા મતદારોને જાળવી રાખવા માંગતા હોય, તો તેમણે જૂની પદ્ધતિઓ ત્યજવી પડશે. માત્ર અનુભવ નહીં, પણ નવા વિચારો અને ટેકનોલોજીની સમજ ધરાવતા યુવા ચહેરાઓને મેદાનમાં ઉતારવા પડશે. ડેટા પ્રાઈવસી અને ઈન્ટરનેટ ફ્રીડમ જેવા વિષયો હવે યુવા મતદારો માટે પ્રાથમિકતા બની રહ્યા છે.ભારતની Gen-Zપેઢી લોકશાહીમાં માત્ર ‘નંબર’ નથી, પણ તે એક ‘ફોર્સ’ (બળ) છે. તેમની બેચેની એ વાતની સાબિતી છે કે તેઓ દેશની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ નથી અને વધુ સારા, વધુ ન્યાયી અને વધુ આધુનિક ભારતનું નિર્માણ કરવા કટિબદ્ધ છે. ૨૦૨૬ના આ આંકડાઓ માત્ર એક શરૂઆત છે; ભવિષ્યમાં આ યુવા અવાજ વધુ બુલંદ બનશે.૨૦૨૬ની આ ચૂંટણીઓએ સાબિત કરી દીધું છે કે ભારતીય રાજનીતિ હવે ‘બિઝનેસ એઝ યુઝ્યુઅલ’ રહી શકશે નહીં. Gen-Zમતદારોની બેચેની એ ખરેખર તો વધુ સારા ભારત માટેની તરસ છે. તેઓ ‘વધુ માગ કરી રહ્યા છે’, વધુ પારદર્શિતા, વધુ રોજગાર અને વધુ સારું ભવિષ્ય. જે રાજકીય પક્ષ આ યુવા અવાજને સમજવામાં સફળ રહેશે, તે જ આવનારા સમયમાં ભારત પર રાજ કરી શકશે. ભારતની આ નવી પેઢી લોકશાહીને વધુ સજાગ, સવાલ પૂછતી અને જવાબદાર બનાવી રહી છે, જે અંતે દેશના હિતમાં છે.

**ભારતની Gen-Z પેઢી લોકશાહીમાં માત્ર ‘નંબર’ નથી, પણ તે એક ‘ફોર્સ’ છે, તેમની બેચેની એ વાતની સાબિતી છે કે તેઓ દેશની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ નથી અને વધુ સારા, વધુ ન્યાયી અને વધુ આધુનિક ભારતનું નિર્માણ કરવા કટિબદ્ધ છે, ૨૦૨૬ના આ આંકડાઓ માત્ર એક શરૂઆત છે; ભવિષ્યમાં આ યુવા અવાજ વધુ બુલંદ બનશે**






# માનવી કરે પણ શું !




**આંખની અટારી**

★ હેમુ ભીખુ

સવારે ઉઠીને અડધો કલાક સમાચાર પત્ર ન વાંચે, જો જાતજાતની રિલ્સ બનાવવા અને જોવામાં સમય વ્યતીત ન કરે, જો કોઈપણ કામ વગર અહીં તહીં આંટો મારવા ન જાય, ચાર વ્યક્તિ સાથે ગલીના નાકે ઊભો રહીને આખી દુનિયાની ચોવટ ન કરે, ચલચિત્ર જોવા કે જમવા બહાર ન જાય, સામાજિક સંબંધોની નિભાવણીના કાર્યક્રમ હેઠળ કોઈ મિત્ર કે સ્નેહીના ઘરે મળવા ન જાય, સોશિયલ મીડિયાને સ્ક્રોલ ન કરે, વ્યર્થમાં બિનજરૂરી ચેટિંગ ન કરે, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બાબત પર પોતાનો અભિપ્રાય ન આપે, વિરેન્દ્ર સહેવાગના શોટ ટિપ્પણી ન કરે, ધુરંધર ચલચિત્રમાં અક્ષય ખન્નાનો રોલ વધુ સશક્ત કેવી રીતે બની શક્યો હોત તેની ચર્ચા ન કરે, પગ લાંબા કરીને ટીવી સામે કલાકો સુધી બેસી ન રહે, શહેરનાં જાતજાતનાં કાર્યક્રમોમાં માત્ર હાજરી આપવા ન જાય, દુનિયાની અર્થવ્યવસ્થા વિશે ચિંતા વ્યક્ત ન કરે - તું માનવી કરે શું? દિવસના ચોવીસ કલાકમાંથી સાત કલાક ઊંઘને આપવામાં આવે, પાંચ કલાક શરીરના વિવિધ ધર્મને બજાવવામાં જાય, આઠ કલાક અર્થોપાર્જન કે તેવાં કોઈ અન્ય વ્યવસાયિક કાર્યને ફાળવવામાં આવે; તો પણ ચાર કલાક વધે. આ સમયમાં માનવી કરે તો શું કરે? આ ફાજલ એટલે કે ‘વ્યર્થ’ સમયમાં માનવી જે કરે તે તેનું વ્યક્તિત્વ અને ઓળખ બની શકે. ફાજલ સમયનો જે રીતે ઉપયોગ થાય તે વ્યક્તિની માનસિક, ભાવનાત્મક, વ્યવહારુ, ધાર્મિક, સામાજિક, કલાત્મક તેમજ વ્યક્તિગત સ્થિતિ પર આધાર રાખે. આ સમયનો ઉપયોગ વ્યક્તિની જીવન માટેની દ્રષ્ટિ, તેની જીવન પ્રત્યેની કૃનિશ્ચયતા તેમજ સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યે તેની નિષ્ઠા વ્યક્ત કરે.

ફાજલ સમયનો ઉપયોગ સર્જનાત્મક કે જ્ઞાનવર્ધક પ્રવૃત્તિ માટે, વ્યસન પાછળ કે ટાઈમ-પાસ સમાન, કૌશલ્ય પ્રાપ્તિ માટે કે માહિતી એકત્રિત કરવા, સામાજિક સંબંધ દ્રઢ કરવા કે મનોરંજન માટે, આળસ-પ્રમાદ પાછળ કે આધ્યાત્મિક વિકાસ માટે, ઉત્તરદાયિત્વની નિભાવણી માટે કે વિશેષ પ્રકારનાં ચિંતન માટે કરી શકાય. જ્યારે સમસ્યાઓથી વિમુક્ત થવું હોય, તાત્કાલિક મનને ઈચ્છિત ભાવનાઓ સાથે જોડવું હોય, સામાજિક એકલતા રહેવા છતાં વ્યક્તિઓ સાથે જોડાવું હોય તો સોશિયલ મીડિયા હાથવગું સાધન બની રહે. અહીં કોઈની ટીકા કરી ખુશ થઈ શકાય, અફવા ફેલાવી શકાય, ચોવટ થઈ શકે તથા આત્મશ્લાઘા દ્વારા અહંકાર પોષાઈ શકે. ફાજલ સમયમાં ક્યારેક જરૂરિયાત કરતાં વધુ ઊંઘ ખેંચાતી હોય છે. આ નિષ્ક્રિયતા, માનસિક થાક, જીવનમાં ઉર્જાનો અભાવ, વિશેષ પ્રકારના ધ્યેયની ગેરહાજરી જેવી બાબતો છતી કરે છે. એક રીતે આ વ્યક્તિગત જવાબદારીમાંથી છટકવાની પ્રક્રિયા છે. ફાજલ સમયમાં નશો કરનાર વ્યક્તિની માનસિકતા નકારાત્મક, નિરાશાવાદી તેમજ નિરુત્સાહી હોય. અહીં પરિસ્થિતિથી વિમુખ થવા ક્ષણિક ‘આનંદ’ સમાન લાગતી સ્થિતિની સ્વીકૃતિ હોય છે. ફાજલ સમયમાં કેટલાંક લોકો જાગ્રત અવસ્થાના સ્વપ્ન જોવાનો પ્રયત્ન કરતાં હોય છે. કલ્પનામાં તેઓ વધારાનો સમય વ્યતીત કરે અને ઈચ્છિત પ્રાપ્ત થઈ ચૂક્યું છે તેમ વિચારે અથવા ઈચ્છિત પ્રાપ્ત કરવાનો માર્ગ નક્કી કરે. અહીં કોઈપણ પ્રકારની ક્રિયા ન થાય, માત્ર વિચારશૃંખલામાં મગ્ન રહેવાય. ફાજલ સમયમાં કેટલાંક મનોરંજન માટે ટીવી, ગેમ્સ, ઓટીટી જેવાં માધ્યમ સાથે સંકળાતા હોય છે. આ બધામાં મન અમુક સમય સુધી ઈચ્છિત બાબત સાથે જોડાયેલું રહે અને સમય પસાર થતો જાય. આ તો સામાન્ય માનવીને અનુલક્ષીને પ્રવર્તમાન મુખ્ય ધારાની વાત થઈ, આ સિવાય પણ ઘણાં વિકલ્પો છે. સામાન્ય માનવી સામાન્ય રીતે આ જ કરતો હોય છે. અમુક લોકો ફાજલ સમયમાં આત્મચિંતન, ધ્યાન, પ્રાર્થના, સાધના, જ્ઞાનવર્ધક વિષયોનું વાંચન તથા કલાત્મક પ્રવૃત્તિ પણ કરતાં હોય છે. જીવન માટેનો જેવો દ્રષ્ટિકોણ તે પ્રમાણેનો ફાજલ સમયનો ઉપયોગ.

સનાતનની સંસ્કૃતિમાં પુરુષાર્થને ચાર વિભાગમાં વર્ગીકૃત કરાયો છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ફાજલ સમયના ઉપયોગને આ દ્રષ્ટિકોણથી પણ સમજી શકાય. જ્યારે ઉત્તરદાયિત્વ નિભાવાય, સામાજિક સંતુલન સમજીને તેને જાળવવાનો પ્રયત્ન થાય, કૌટુંબિક સમરસતા જળવાય તેવાં પ્રયત્નો થાય, વિદ્યા અને કૌશલ્યની પ્રાપ્તિ માટે પગ મંડાય, સૃષ્ટિનાં સમીકરણો સમજવાનો પ્રયત્ન થાય તો તે ધર્મ આધારિત પુરુષાર્થ કહેવાય. ફાજલ સમયનાં કામ આધારિત ઉપયોગમાં કે ‘દુરુપયોગ’માં અતિશય મનોરંજન, ઈન્દ્રિય-સુખ, વ્યસન જેવી બાબતો પ્રત્યે લગાવ રહે. ફાજલ સમયનાં ઉપયોગમાં જો અર્થ કેન્દ્રમાં હોય તો; સમય, સામર્થ્ય, સંસાધનો અને આગળના લક્ષ્ય અનુસાર પ્રવૃત્તિઓ થાય. એમ કહી શકાય કે અહીં ભવિષ્ય માટે વર્તમાનનો ઉપયોગ કરવામાં આવે છે. ફાજલ સમયમાં જો સત્ય અને નૈતિકતા માટે સભાનતાપૂર્વક નિષ્ઠા દર્શાવાય, ષડરીપુથી મુક્ત થવા ઉદ્યમ શરૂ થાય, શ્રદ્ધાપૂર્વક ભક્તિના ઊંડાણમાં જવાનો પ્રયત્ન થાય, સદગુરુની આજ્ઞાનું પાલન થાય, આત્મચિંતન શરૂ થાય, નિત્ય-અનિત્ય અને શ્રેય-પ્રેયનો તફાવત સમજમાં આવે તે માટે શાસ્ત્રો અને સંત પુરુષોના જીવન-વચન પ્રત્યે વિશ્વાસ જાગ્રત કરાય, ‘હું કોણ છું’ તે સમજવાનો પ્રયત્ન થાય તો આ ઉપયોગ મોક્ષમાર્ગી કહેવાય. જ્યારે ધર્મ માર્ગદર્શક બને, અર્થ સાધન બને, કામ નિયંત્રિત રહે અને મોક્ષ અંતિમ લક્ષ્ય બને તો ફાજલ સમય ફાજલ નથી રહેતો, સમય વ્યર્થ નથી જતો.

આજની ભાગદોડવાળી જિંદગીમાં વ્યક્તિને ફાજલ સમયની ઉપયોગીતા વિશે આટલું ઊંડાણમાં ચિંતન કરવાની આવશ્યકતા નથી જણાતી.

સાંપ્રત સમયમાં તો માનવીને ફાજલ સમયમાં શક્ય હોય તેટલું ઈચ્છિત મેળવી લેવું છે, શક્ય હોય તો બધું જ ઈચ્છિત મેળવી લેવું છે, અને તે પણ શક્ય હોય તેટલી વધુ માત્રામાં. સાંપ્રત સમયમાં સામાન્ય રીતે જે તાણ અનુભવાય છે તેને કારણે ફાજલ સમયને જાણે નીચોવી લેવામાં આવે છે. ક્યારેક એમ લાગે છે કે જો માનવી આમ ન કરે તો બીજું શું કરે.

**ફાજલ સમયમાં કેટલાંક લોકો જાગ્રત અવસ્થાના સ્વપ્ન જોવાનો પ્રયત્ન કરતાં હોય છે. કલ્પનામાં તેઓ વધારાનો સમય વ્યતીત કરે અને ઇચ્છિત પ્રાપ્ત થઈ ચૂક્યું છે તેમ વિચારે અથવા ઇચ્છિત પ્રાપ્ત કરવાનો માર્ગ નક્કી કરે. અહીં કોઈપણ પ્રકારની ક્રિયા ન થાય, માત્ર વિચારશ્રૃંખલામાં મગ્ન રહેવાય**